Seat No. : _______________

# NK-107

**November-2013**

## T.Y.B.A. (Sem.-V)

## CC-302 : Gujarati

**(ભાષાવિજ્ઞાન)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) સામાન્ય પ્રશ્નોના લગભગ **900** શબ્દોમાં ઉત્તર લખો.
(2) ટૂંકનોંધના લગભગ **450** શબ્દોમાં ઉત્તર લખો.

1. વિવિધ વ્યાખ્યાઓને આધારે 'ભાષા'ની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (450 શબ્દોમાં)
(1) ભાષાનું માનવવ્યવહારમાં સ્થાન
(2) ભાષાનાં સામાજિક, પ્રાસંગિક, સાંસ્કૃતિક સ્વરૂપ ભેદો.

2. ઉચ્ચારણ પ્રક્રિયાના અવયવો જણાવી ગુજરાતી ભાષાની ઉચ્ચારણપ્રક્રિયા સમજાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો :
(1) ગુજરાતી ભાષાની સ્વરવ્યવસ્થા
(2) ગુજરાતીના અનુનાસિકો

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **14**
(1) માન્ય ભાષા અને બોલી
(2) સૌરાષ્ટ્રી બોલી
(3) ચરોતરી બોલી
(4) સુરતી બોલી

4. ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ અને વિકાસનાં વિવિધ તબક્કાઓ વિગતે જણાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો :
(1) ભારતીય આર્યની પ્રથમ ભૂમિકા
(2) ભારતનાં ભાષાકુળો

5. નીચેના પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો : **14**

(1) પોચા તાળવાના નીચેના લટકતા ભાગને શું કહે છે ?
(a) પડજીભ (b) જિહ્વામૂલ (c) જિહ્વાગ્ર (d) કંઠ

(2) હવા જ્યારે મુખપથ ઉપરાંત નાસિકાપથમાંથી પણ પસાર થાય ત્યારે નિર્માતા ધ્વનિને શું કહે છે ?
(a) અનુનાસિક (b) નિરનુનાસિક
(c) પાર્શ્વિક (d) અર્ધસ્વર

(3) ગુજરાતી ભાષાનો પ્રકંપી ધ્વનિ જણાવો.
(a) લ (b) ર (c) મ (d) ક

(4) કઈ ભૂમિકા દરમ્યાન મધ્યવર્તી 'લ' ધ્વનિનું 'ળ'માં પરિવર્તન થાય છે ?
(a) ભારતીય આર્યની દ્વિતીય ભૂમિકા
(b) ભારતીય આર્યની તૃતીય ભૂમિકા
(c) ગુજરાતીના ઉદ્‌ભવની બીજી ભૂમિકા
(d) પ્રાચીન ગુજરાતી

(5) નીચેનામાંથી કયો ધ્વનિ મહાપ્રાણ ધ્વનિ નથી ?
(a) મ (b) છ (c) ભ (d) ઢ

(6) ભાષાવિકાસની કઈ ભૂમિકા દરમ્યાન ગુજરાતીમાં ફારસી શબ્દોનું ભરણું થાય છે ?
(a) ભારતીય આર્યની દ્વિતીય ભૂમિકા
(b) ભારતીય આર્યની તૃતીય ભૂમિકા
(c) ગુજરાતીના ઉદ્‌ભવની બીજી ભૂમિકા
(d) પ્રાચીન ગુજરાતી

(7) નીચેનામાંથી કયો ધ્વનિ ગુજરાતી ભાષાનો ધ્વનિઘટક નથી ?
(a) ચ (b) ણ (c) અ (d) ડ

(8) 'ભાષા યાદૃચ્છિક વાચિક સંકેતોની એવી વ્યવસ્થા છે કે જેના દ્વારા કોઈ એક સામાજિક જૂથના સભ્યો પરસ્પર સંપર્કમાં રહે છે અને સહકાર સાધે છે.' – વ્યાખ્યા કયા ભાષાવિજ્ઞાનીએ આપી છે ?
(a) હેરિસ (b) હોકેટ (c) સ્તુર્તવાન (d) સપિર

(9) આસામની 'ગારો' કે નાગાલેન્ડની 'નાગા' ભાષા કયા ભાષાકુળની ભાષા છે ?
(a) ભારતીય આર્ય (b) દ્રવિડ
(c) મોનખ્મેર-ઓસ્ટ્રોએશિયાટિક (d) ચીની-તિબેટી

(10) 11મી થી 14મી સદી સુધીની ભાષાભૂમિકાનું 'જૂની ગુજરાતી' તરીકે કોણે નામાભિધાન કર્યું છે ?
(a) તેસ્સિતોરી (b) નરસિંહરાવ
(c) ઉમાશંકર જોશી (d) હ.ચૂ. ભાયાણી

(11) 'पञ्च' 'પાંચ' – કઈ ભાષાભૂમિકા દરમ્યાનનું ધ્વનિપરિવર્તન છે ?
(a) ભારતીય આર્યની દ્વિતીય ભૂમિકા
(b) ભારતીય આર્યની તૃતીય ભૂમિકા
(c) ગુજરાતીના ઉદ્‌ભવની બીજી ભૂમિકા
(d) પ્રાચીન ગુજરાતી

(12) 'કર્મણિ ભૂતકાળના' 'ય' પ્રત્યયને સ્થાને 'ણ' કઈ બોલીમાં પ્રયોજાય છે ?
(a) સૌરાષ્ટ્રી (b) પટ્ટણી (c) ચરોતરી (d) સુરતી

(13) કઈ બોલીમાં પંચમી વિભક્તિના 'થી' પ્રત્યયને બદલે 'હિં' પ્રત્યય પ્રયોજાય છે ?
(a) સૌરાષ્ટ્રી (b) પટ્ટણી (c) ચરોતરી (d) સુરતી

(14) 'દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનની અદલબદલ' કઈ બોલીની લાક્ષણિકતા છે ?
(a) સૌરાષ્ટ્રી (b) પટ્ટણી (c) ચરોતરી (d) સુરતી